| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Jai Hind Ahmedabad** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **09/09/24** |
| **PAGE :** | **7** |

# નિ:સ્વાર્થ કામ કરો, બાયપ્રોડક્ટમાં સંપત્તિ અને સન્માન મળશે : સવજીભાઈ ધોળકિયા

ગાંધીનગર, તા.૦૮

"હું ભલે દેશનો નંબર વન બિઝનેસમેન નથી પણ હેપ્પીનેસમાં દેશમાં નંબર એક પર છું, જો તમે નિ:સ્વાર્થ ભાવે કામ કરશો સંપત્તિ અને સન્માન તો બાયપ્રોડક્ટમાં આપોઆપ મળશે, ક્યારેય નિષ્ફળતાથી નિરાશ થશો નહીં, હાર અને જીત બંને જીવનનો સાર છે, નિષ્ફળતા વગર કોઈ કોઈ સફળ થતું નથી, બસ એવું કામ કરીને જાઓ કે દુનિયા ફરિયાદ નહીં, ફરી ફરી યાદ કરે" ઈડીઆઈઆઈ ખાતે ડો.વી.જી. પટેલ મેમોરિયલ લેક્ચર અંતર્ગત શ્રી હરિ કૃષ્ણ એક્સપોર્ટ્સ લિમિટેડના સ્થાપક પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાના પ્રભાવશાળી સંબોધનમાં આવા જોશભર્યા શબ્દો યુવા વિદ્યાર્થીઓ, ભાવિ ઉદ્યોગસાહસિકો સ્ટાર્ટઅપ્સ, શિક્ષણકારોને તાળીઓના ગડગડાટ કરવા વિવશ કરી દેતાં હતા.

ઉદ્યોગસાહસિકતા વિષયમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ મહત્વનું યોગદાન પ્રદાન કરતી ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન ખાતે ડો. વી.જી. પટેલ મેમોરિયલ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ડો. સુનિલ શુક્લ, ભારતીય ઉદ્યમિતા વિકાસ



સંસ્થાનના મહાનિર્દેશકે ડો. વી.જી. પટેલને યાદ કરતા જણાવ્યું કે "ડો. વી.જી. પટેલે દેશમાં ફક્ત ઉદ્યોગસાહસિકતાનો ખ્યાલ સ્થાપિત કર્યો એટલું જ નહિ પરંતુ તાલીમ દ્વારા ઉદ્યોગસાહસિકો વિકસાવી શકાય છે તેને સફળતાપૂર્વક સાબિત કરી આપ્યું. આજે તેમના આ ખ્યાલને ભારત સરકાર દ્વારા એક ખાસ મંત્રાલય ઊભું કરીને માન્યતા મળી. દેશ-વિદેશમાં આ ખ્યાલની વિશ્વનીયતા સ્થાપિત થઈ તથા તમામ મંત્રાલયો દ્વારા ઉદ્યોગસાહસિકતા કે સ્ટાર્ટઅપ સંબંધી કાર્યક્રમો તથા નીતિઓ ઘડ્યા એટલું જ નહિ દરેક રાજ્યમાં આગવી સંસ્થાઓની સ્થાપના થઈ. ડો. વી.જી. પટેલનું આ યોગદાન અવિસ્મરણીય છે અને દેશ તેમની આ ચળવળ સ્થાપિત કરવા બદલ સદૈવ આભારી રહેશે."

આ પ્રસંગે મુખ્ય અતિથિ સવજીભાઈએ ડો. વી.જી. પટેલ નેશનલ મેમોરિયલ એવોર્ડ એનાયત કર્યા હતા. ઉદ્યોગસાહસિકતા વિકાસ ચળવળ ને વેગ આપવા બદલ એનાયત થતા આ રાષ્ટ્રીય એવોર્ડમાં ઉદ્યોગસાહસિકતા પ્રશિક્ષક, શિક્ષણવિદ તથા પ્રોત્સાહક માટે દેશભરમાંથી કુલ ૪૬૯ અરજીઓ આવેલ જેમાંથી નિષ્ણાતો દ્વારા ત્રણ પ્રશિક્ષકોની પસંદગી થયેલ.